# 7 શ્યામ રંગ સમીપે



**દયારામ**

**(જન્મ : ઈ.સ. 1777; અવસાન : 1852)**

દયારામનો જન્મ નર્મદાકાંઠે આવેલા ચાણોદ ગામમાં થયો હતો. એમણે ત્રણ વાર ભારતનાં તીર્થધામોની યાત્રા કરી હતી અને વૈષ્ણવ સંપ્રદાયની ઘણી રચનાઓ કરી હતી; પરંતુ આ ભક્તકવિએ લખેલી કૃષ્ણલીલાની ગરબીઓ ગુજરાતી સાહિત્યમાં અજોડ છે. એમની ગરબીઓમાં ભાવની મધુરતા છે અને એને અભિવ્યક્ત કરતી ભાષા રસભરી અને મીઠી છે. ઢાળની વિવિધતાથી આ ગરબીઓ ખૂબ લોકપ્રિય બની છે. ગરબીઓ ઉપરાંત એમણે કેટલાંક આખ્યાનો અને ભક્તિનો બોધ આપતાં પદો પણ લખ્યાં છે. સુકુમાર ભાવો, લયવૈવિધ્ય, ચિત્રાત્મકતા અને નાદમાધુર્ય એમની કવિતાની વિશેષતા છે. જિંદગીભર અપરિણીત રહેલા આ કવિએ પોતાનું સમગ્ર જીવન કૃષ્ણભક્તિમાં સમર્પી દીધું હતું.

દયારામનાં 'ગરબી' સંજ્ઞાથી ઓળખાતાં ઘણાં પદોમાં કૃષ્ણ અને ગોપીના મધુર સંવાદ દ્વારા પ્રેમભક્તિનું નિરૂપણ થાય છે. આ ગરબીમાં કવિએ કૃષ્ણ પ્રત્યેના ગોપીના પ્રેમભાવને કૃત્રિમ રોષની વાણીમાં વ્યક્ત કર્યો છે. ગોપીનું મન કૃષ્ણમય હોવાથી તેને કાળા રંગની વસ્તુઓમાં કૃષ્ણ દેખાય છે અને તેથી એનો ત્યાગ કરવાનો ગોપી સંકલ્પ કરે છે, પણ આવો સંકલ્પ લાંબો સમય ટકવાનો નથી તેવું બયાન પણ તરત જ કરે છે. કારણ કે કૃષ્ણ સાથેના પ્રેમભાવને છોડવા મન તૈયાર થતું નથી. કાવ્યના અંતમાં પ્રગટ થતા ચાતુર્યથી કાવ્યમાં ચોટ સધાય છે. ગોપીનો કૃત્રિમ રોષ લાંબો સમય ટકતો નથી—સ્નેહભાવ વધે છે.

---

શ્યામ રંગ સમીપે ન જાવું,
મારે આજ થકી શ્યામ રંગ સમીપે ન જાવું.
જેમાં કાળાશ તે તો સૌ એકસરખું,
સર્વમાં કપટ હશે આવું. મારે...
કસ્તૂરી કેરી બિંદી તો કરું નહિ,
કાજળ ના આંખમાં અંજાવું. મારે...
કોકિલાનો શબ્દ હું સુણું નહિ કાને,
કાગવાણી શકુનમાં ન લાવું. મારે...
નીલાંબર કાળી કંચુકી ના પહેરું,
જમનાનાં નીરમાં ન ન્હાવું. મારે...
મરકત-મણિ ને મેઘ દૃષ્ટે ના જોવા,
જાંબુ-વંત્યાક ના ખાવું. મારે...
દયાના પ્રીતમ સાથે મુખે નીમ લીધો,
મન કહે જે પલક ના નિભાવું. મારે...

### શબ્દ-સમજૂતી

**શકુન** શુકન; **નીલાંબર** નીલા રંગનું વસ્ત્ર; **કંચુકી** કાંચળી, કમખો; **મરકત-મણિ** નીલા રંગનો મણિ, નીલમ; **વંત્યાક** વેંગણ, રીંગણાં; **નીમ** નિયમ, વ્રત.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) ગોપી શો નિયમ લે છે?

(2) 'આજ થકી'નો શો અર્થ કરશો?

(3) ગોપી શેમાં સ્નાન કરવાની ના પાડે છે? શા માટે?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) શ્યામ રંગની પાસે નહિ જવાનો નિયમ પોતે નહિ પાળી શકે એવું ગોપીને શા માટે લાગે છે?

(2) કવિને બધી કાળી વસ્તુઓમાં કપટનો ભાવ શા માટે જોવા મળે છે?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) ગોપી શ્યામ રંગની કઈ કઈ વસ્તુઓનો ત્યાગ કરે છે?

(2) ગોપી શ્યામ રંગની નજીક જવાની શા માટે ના પાડે છે ?

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- દયારામનાં કૃષ્ણવિષયક પદોનો પ્રૉજેક્ટ બનાવો.
- આ પદનું સમૂહગાન કરો.
- દયારામનાં અન્ય પદો તમારા શિક્ષક પાસેથી સાંભળો.

## ભાષા-અભિવ્યક્તિ

તમે ધ્યાનપૂર્વક અને લયબદ્ધ રીતે ધીરેથી પઠન કરશો તો ખ્યાલ આવશે કે દયારામની પંક્તિઓમાંથી પ્રગટ થતો લય મધુર છે. શ્યામ રંગ / સમીપે / ન જાવું / મારે / આજ થકી શ્યામ રંગ / સમીપે / ન જાવું. આ પહેલા જ અંતરામાં આઠ લયવળાંક અનુભવાશે.

કવિને (ગોપીને) શ્યામ રંગના પદાર્થો સાથે વાંધો પડ્યો છે. જોકે, આ વાંધો હંગામી છે. નાદ-નર્તન સાથે શ્યામ રંગના પદાર્થોનું ઉચ્ચારણ થાય છે. કસ્તૂરીની બિંદી, કાળું વસ્ત્ર, કાજળ, કોકિલ અને કાગની વાણી, કાળી કંચુકી પછી તો લાંબી યાદી...તમને નાદ નર્તન, રંગ, દશ્ય, શ્રવણનો અનુભવ કરાવશે.

## શિક્ષક-પ્રવૃત્તિ

- દયારામનાં કાવ્યો પરના આસ્વાદલેખો મેળવી, એકાદ કાવ્યાસ્વાદ વાંચી વર્ગખંડમાં સંદર્ભ લખો.
- આ ગરબી મોબાઈલ કે અન્ય ઉપકરણની મદદથી સંભળાવો.
- કવિ દયારામનું 'શ્યામની શોભા' કાવ્ય મેળવી વર્ગમાં તેનું ગાન કરો.

•